ગાંધીનગર સમાચાર

**સાબરમતી અને ગુજરાત ગેસ કંપનીના પંપો પર પણ જુના દરની નોટ આજ મધરાત સુધી ચાલશે**





રવિવારે બેંકમાં ભીડ - રવિવારની રજા હોવા છતાં દિવસભર બજારમાં ચહલપહલ વ્યાપક પ્રમાણમાં અનુભવાઈ... નોટ બદલવાના ચોથા દિવસે પણ બેંકોમાં વહેલી સવારથી લાંબી લાઈનો લાગી ગઈ હતી... રજા હોવાથી નોકરીયાત વર્ગને અનુકૂળતા થઈ હતી... સુરક્ષા જવાનો પણ સી.આર.પી. કેમ્પની એસબીઆઈ શાખામાં વહેલી સવારથી નોટો બદલવા લાઈનમાં ઉભા રહી ગયા હતા....

# ડીવાયએસઓની પરીક્ષાનું પેપર અઘરૂ નીકળતા ઉમેદવારો મુંઝાયા

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આજે લેવાયેલી ડેપ્યુટી સેક્શન ઓફિસર અને નાયબ મામલતદારની સ્પર્ધાત્મક પરીક્ષા આજે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. ગાંધીનગર જિલ્લામાંની ૨૦ હજારથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. ડે. મામલતદાર અને ડીવાયએસઓની આ પરીક્ષા જિલ્લાના ૯૪ બિલ્ડીંગોના ૧૦૪૮ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવી પરીક્ષા લેવામાં આવી હતી. આજે યોજાયેલી પરીક્ષાનું પેપર ઉમેદવારોને જરૂરીયાત કરતા વધુ અઘરૂ લાગ્યુ હતુ. પેપર અઘરૂ નીકળતા કેટલાક ઉમેદવારોના આંખમાંથી આંસુ સરી પડ્યા હતા. રીઝનીંગનો વિભાગ લેન્ધી હોવાથી ઉમેદવારોને સમય પણ ખુટ્યો હોવાની ફરિયાદ ઉઠી હતી. જ્યારે ડીવાયએસઓની પરીક્ષાનું પેપર લેવલ જીપીએસસીની મુખ્ય પરીક્ષા બરોબરનું કરી દીધુ હતુ. લાંબા સમયથી તૈયારી કરતા વિદ્યાર્થીઓ પણ પેપર જોઈ અચંબામાં મુકાઈ ગયા હતા. એકંદરે પેપરમાં સીલેબસ મુજબ પ્રશ્નનું ભારણ મુકવામાં આવ્યું ન હતુ. આજે પરીક્ષા હોવાથી ઉમેદવારોમાં ખુશી જોવા મળી હતી. પરંતુ પેપર ટફ નીકળતા ઉમેદવારોના ચહેરા મુરઝાયેલા જોવા મળ્યા હતા. શહેરમાં બહાર ગામથી ઉમેદવારો આવતા રવિવાર હોવા છતાં નગરમાં પરીક્ષાને લઈ ચહલ-પહલ જોવા મળી હતી. જ્યારે પરીક્ષા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સઘન પોલીસ બંદોબસ્ત સેન્ટરો પર ગોઠવવામાં આવ્યો હતો. જ્યારે સમગ્ર ગુજરાતમાં ડીવાયએસઓની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થતા ગુજરાત જાહેર સેવા આયોગે પણ રાહનતો દમ લીધો છે.

## સાબરમતી અને ગુજરાત ગેસ કંપનીના પંપો પર પણ જુના દરની નોટ આજ મધરાતસુધી ચાલશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સહિત તમામ સી.એન.જી. પંપો પર હવે સોમવાર મધરાત સુધી રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટ સ્વીકારાશે તેમ સત્તાવાર રીતે જિલ્લા કલેક્ટર સતીષ પટેલે જણાવ્યુ છે.

સાબરમતી ગેસ અને ગુજરાત ગેસના સત્તાવાળાઓ સાથે સરકાર કક્ષાએ યોજાયેલી બેઠકને અંતે આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે સાબમતી ગેસ અને ગુજરાત ગેસના સી.એન.જી. પંપો પર જુના દરની ૫૦૦ અને ૧૦૦૦ હજારની નોટ ૧૪મીને સોમવારની મધરાત સુધી સ્વીકારવામાં આવશે.

ગાંધીનગરમાં સી.એન.જી. પંપ પર લાગેલા બોર્ડની તસવીર આજે આ અખબારમાં પ્રસિદ્ધ થઈ હતી જે ઉલેલ્ખનીય છે. આ બાબતને ગંભીરતાથી લઈ સત્તાવાળાઓ હરકતમાં આવ્યા હતા અને બેઠક બન્ને સંસ્થાઓ સાથે કરી આ નિર્ણય લેવાયો છે.

# શહેરમાં બેંકોમાં લાગેલી લાઈનો જોવા કલેક્ટર નીકળ્યા

**લોકોનો સહયોગ અને બેંકોની સેવાઓને બિરદાવતા કલેક્ટર**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આજે ગાંધીનગરની વિવિધ બેંકોની જાત મુલાકાત લઈ બેંકો દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

સતીષ પટેલે આજે બે કલાક સુધી શહેરની વિવિધ બેંકોની શાખા પર ફર્યા હતા. તેમણે લોકો જે સહયોગ આપી રહ્યા છે તેને બિરદાવ્યો હતો અને બેંક કર્મચારીઓની સેવાઓને પણ બિરદાવી હતી.

પટેલે જણાવ્યુ હતુ કે જિલ્લામાં બેંકો પાસે પુરતા પ્રમાણમાં નોટો ઉપલબ્ધ છે તેથી કોઈએ ચિંતા કરવાની જરૂર નથી. લાઈનમાં ઉભા રહેવાની સ્થિતિ ઝડપથી હળવી થઈ જશે તેમ પણ તેમણે વિશ્વાસપૂર્વક કહ્યુ હતુ.

તેમણે આજે લીધેલા રાઉન્ડને અંતે જણાવ્યુ હતુ કે નાના-દરની નોટો ઉપલબ્ધ સરળતાથી લોકોને થઈ રહી છે અને ટુંકમાં જ પૂર્વવત સ્થિતિ નિર્માણ થઈ જશે. બેંકો દ્વારા પણ જે સેવાઓ આપવામાં આવી રહી છે તેમાં સહયોગ આપવા અપીલ કરી તેમણે જણાવ્યુ છે કે નોટો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. લોકોએ નોટોના સંગ્રહની ઈચ્છા ના રાખવી જોઈએ.

## કલેક્ટર કચેરીમાં આધાર કાર્ડની કામગીરી તથા સ્ટેમ્પ ડ્યુટીની બાકી વસુલાતમાં ભરણું કરી શકાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર કલેક્ટર કચેરીમાં આજે રજાના દિવસે પણ આધારકાર્ડ માટેની કામગીરી સવારે ૧૦થી ૫ દરમ્યાન ચાલુ રહેશે. નાયબ કલેક્ટરશ્રી સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર ગાંધીનગરની કચેરીએ આપના બાકી લેણાં દસ્તાવેજો તેમજ અન્યમાં બાકી સ્ટેમ્પ ડ્યુટીની રકમમાં રૂ. ૫૦૦ તથા રૂ. ૧૦૦૦ની જુની ચલણી નોટો બેંકમાં ભરી શકાશે. જેથી ચલણ તા. ૧૪-૧૧-૨૦૧૬, સોમવારના રોજ નાયબ કલેક્ટરશ્રી સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર ગાંધીનગર પાસેથી લઈ લેવા વિનંતી છે. તેમ મામલતદાર ગાંધીનગરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# રોટરી ક્લબ દ્વારા રવિવારે શહેરમાં સાયકલ મહાયાત્રા

**સાયકલ મહાયાત્રાનો પ્રારંભ સવારે ૮ કલાકે ખ-૦, જ-૭ અને ક-૭થી એક સાથે થશે : લકી ડ્રો દ્વારા ૨૧ પર્યાવરણ મિત્રને સાયકલનું ઈનામ અપાશે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં રોટરી ક્લબ દ્વારા આગામી તા. ૨૦મી નવેમ્બર રવિવારે સાયકલ મહાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલ મહાયાત્રાનો પ્રારંભ સવારે ૮.૦૦ કલાકે ગાંધીનગરના ત્રણ સ્થળો ખ-૦ સરગાસણ સર્કલ, જ-૭ સે-૩૦ સર્કલ તથા ક-૭ સર્કલેથી એક સાથે કરાશે તથા ત્રણેય સ્થળેથી પ્રસ્થાન પામેલ સાયકલ મહાયાત્રાનું સમાપન સેકટર-૨૨ના નવરાત્રી ગ્રાઉન્ડ ખાતે થશે. આ પ્રસંગે લકી ડ્રો દ્વારા વિજેતા બનનાર ૨૧ 'પર્યાવરણ મિત્ર'ને ઈનામરૂપે સાયકલ આપવામાં આવશે.

સ્વાસ્થ્ય અને પર્યાવરણની જાળવણી માટે ગાંધીનગરમાં રોટરી કલબ દ્વારા દર વર્ષે સાયકલયાત્રાનું આયોજન કરાય છે. સાયકલયાત્રાનો ઉદ્દેશ શહેરમાં પ્રદૂષણ ઘટાડવા 'મોટર વિહિન' વાહનોના ચલણનો વ્યાપ વધારવાનો છે. વઆ વર્ષે આયોજિત કરાયેલ સાયકલ મહાયાત્રા શહેરના ત્રણ છેડાએથી પ્રારંભ થઈ શહેરની મધ્યમાં સમાપન પામશે. આ સાયકલ મહાયાત્રામાં દરેક સાયકલિસ્ટે પોતાની સાયકલ લઈને જોડાવાનું છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ શહેરમાં કાર્યરત ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટને 'બેસ્ટ પ્રોજેકટ' ખિતાબ પ્રાપ્ત થયો છે ત્યારે રોટરી કલબની આ સાયકલ મહાયાત્રા શહેરીજનોમાં સાયકલના ઉપયોગને વધારવા પ્રેરિત કરશે તેવું જણાય છે.

# મનપાનામાં વધુ ૧૮.૫૦ લાખ મિલ્કતવેરો ભરાયો

**સોમવાર અંતિમ દિવસ : મિલ્કતવેરાની વસુલીનો આંક અંદાજના ૬૦ ટકાને પાર કરી ગયો**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકાએ આજે ત્રીજે દિવસે વધુ ૧૮.૫૦ લાખની આવક મિલ્કતવેરા પેટે મેળવી છે. આમ છેલ્લા ત્રણ દિવસમાં ૧.૩૫ કરોડ જેટલી આવક થઈ છે.

આજે રજાના દિવસે પણ મનપાની કચેરીમાં મિલ્કતવેરાની વસુલી માટે કચેરી કાર્યરત રખાઈ હતી. આજે સવારથી જ મિલ્કતવેરાની બાકી ભરવા માટેની લાઈન લાગી હતી અને સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૧૮.૫૦ લાખની આવક નોંધાઈ હતી.

સોમવારે રાત્રે ૧૧ વાગ્યા સુધી મિલ્કતવેરાની બાકી ભરવાની મુદત હોવાના હોર્ડિંગ શહેરમાં લગાવી દેવામાં આવ્યા છે. આજે બે દિવસ કરતાં વધુ આવક થવાના અંદાજો તંત્ર દ્વારા રાખવામાં આવ્યા છે અને પ્રજાજનોના ધસારાને પહોંચી વળવા માટે ખાસ આયોજન પણ કર્યુ છે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

સોમવારે રજાનો દિવસ હોવા છતાં વેરા-વસુલીની કામગીરી ચાલુ રાખવામાં આવનાર છે. જૂની નોટ્સ સ્વીકારવા માટે સરકારની સૂચનાને પગલે તંત્રએ ત્રણ દિવસથી તેની કામગીરી હાથ ધરી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાએ અંદાજપત્રમાં રૂ. ૧૫ કરોડની આવક મિલ્કતવેરામાંથી થશે તેવો અંદાજ મુક્યો હતો. તેની સામે આ વખતે ૬૦ ટકા કરતાં વધુ આવક પ્રાપ્ત કરી લીધી છે.

૧૦ ટકા રિબેટની યોજના અંતર્ગત રૂ. ૫ કરોડ જેટલી આવક મેળવી હતી આ પછી રૂ. બે કરોડ જેટલી આવક મેળવી હતી અને હવે જૂની નોટોના કલેક્શનની

● અનુસંધાન પાન-૭ પર

# ફિક્સ પગારના કર્મચારીઓના મામલે કોંગ્રેસ દ્વારા બે દિવસના ધરણા

ગાંધીનગર, તા. ૧૩

ફિક્સ પગારના કર્મચારીઓને પુરો પગાર આપવા અને યુવાનોના હક્ક અધિકાર સમાન કામ સમાન વેતનના નારા સાથે કોંગ્રેસ દ્વારા આવતીકાલે બે દિવસ ધરણાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કરતાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે ભાજપ સરકારના શાસનમાં ફિક્સ પગાર કોન્ટ્રાક્ટ પ્રથા આઉટ સોર્સીંગના નામે ૧૫ લાખ કરતાં વધુ યુવાનોનું આર્થિક શોષણ થઈ રહ્યું છે.

પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી અને વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે ગુજરાતના તમામ વિભાગોમાં સરકાર કરકસરના બહાના હેઠળ ફિક્સ પગારના નામે મોટા ભાગનું આઉટ સોર્સિંગ કરીને કોન્ટ્રાક્ટ આધારે ભરતી કરીને તેમને ઉચ્ચક પગાર આપીને સતત આર્થિક સોષણ કરીને શું સાબિત કરવા માંગે છે.

ભાજપ સરકાર આર્થિક અસ્પૃશ્યતા અસામનતાની ખુબ મોટી સમર્થક છે. ભાજપના મતે નવા કર્મચારીઓની જે પણ ભરતી થાય છે પછી તે યુવાનો જીપીએસસી, ગૌણ સેવા પસંદગી મંડળ, શિક્ષક ભરતી બોર્ડ, પોલીસ ભરતી બોર્ડ જેવી પરીક્ષા પાસ કરીને આવે તો પણ તે કર્મચારીઓનું પાંચ વર્ષ માટે આર્થિક શોષણ થઈ રહ્યુ છે. તેઓને અન્ય કર્મચારી સમાન દરજ્જો તથા પગાર ન ચુકવીને તેમને આર્થિક અસ્પૃશ્યતા રાખવા અને તે કર્મચારીઓનું પાંચ વર્ષ માટે આર્થિક અશ્પૃશ્યતા રાખવા અને તે દ્વારા તે યુવાનોનું શોષણ કરવું એ આ સરકારનું મુખ્ય લક્ષ્ય છે. કોંગ્રેસે ફીક્સ પગારના કર્મચારીઓને પુરતો પગાર આપવાની માંગણી સ્વીકારવામાં નહી આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતા **શ્રી બાબુભાઈ ડી. છનીયારા** તા. ૧૧-૧૧-૨૦૧૬ના રોજ અક્ષરવાસી થયા છે. સદ્‌ગતનું બેસણું **તા. ૧૪-૧૧-૨૦૧૬ને સોમવાર**ના રોજ **સાંજે ૪.૦૦ થી ૬.૦૦** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન :**
પ્લોટ નં. ૩૦૭,
સેક્ટર-૨૦, ગાંધીનગર.

લિ.
અશોક છનીયારા
ડૉ. અજય છનીયારા


મંડપ | કેટરીંગ | લાઈટીંગ | ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્ચી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515



Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office: GSPC Bhavan, Sector-11, Gandhinagar - 382 010 Tel: +91-79-66701001
Fax: +91-79-23236477 Website: www.gspcgroup.com Email: investors.gspl@gspc.in

NOTICE

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Wednesday, the 30th November, 2016, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter and half year ended on 30th September, 2016.
The said intimation is also available on the Company's website viz. www.gspcgroup.com and may also be available on the website of Stock Exchanges at www.bseindia.com and at www.nseindia.com.

For Gujarat State Petronet Limited
sd/-
Company Secretary
Place: Gandhinagar
Date: 12th November, 2016



ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com